પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યાં

ગેસની અસર થતા બે કામદારના મોતના કેસમાં કોન્ટ્રાક્ટર જયંતિ પટેલની ધરપકડ

અણખોલ પાસે ડ્રેનેજમાં સુરક્ષાના સાધનો વિના સફાઇ કરવા ઉતારતા બેના મોત થયાં હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

અણખોલ પાસે ડ્રેનેજ લાઇનમાં સુરક્ષાના સાધનો વિના કામગીરી કરવા માટે બે કામદારના ઉતારતા ગેસની અસરથી તેમના મોત નિપજ્યાં હતા. જેમાં પોલીસ દ્વારા મુખ્ય કોન્ટ્રાક્ટરની ધરપકડ કરાઇછે. આરોપીને કોર્ટમાં રજૂ કરીને વધુ પુછપરછ કરવા માટે 14 દિવસના રિમાન્ડની માગણી કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. મહેસાણાના વીઆઇપીનગર ખાતે રહેતા જયંતિસુપર કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડના પ્રોપરાઇટર જયંતિ અંબાલાલ પટેલે વડોદરા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી હનુમાનપુરા, અણખોલ, બાપોદ તથા ખટંબા ખાતે અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઇનની કામગીરી કરવા માટે એગ્રીમેન્ટથી કોન્ટ્રાક્ટ લીધો હતો. પરંતુ આ કોન્ટ્રાક્ટરક અન્ય કોઇને પેટા કોન્ટ્રાક્ટર ના આપી શકાય તેમ હોવા છતાં ટેન્ડરની શરતોનો ભંગ કરીને ગ્રીસ્વા ઇન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી અમદાવાદના પ્રોપરાઇટર સંજય માધવજી ખુંટને ડ્રેનેજ લાઇનો પેટા કોન્ટ્રાક્ટ આપી દીધો હતો. દરમિયાન ગેસની અસર થતા અક્ષય ભાભોર તથા વિપુલ માંગરોલિયાનું કામગીરી દરમિયાન મોત થયું હતું. જેની ફરિયાદ વરણામા પોલીસ સ્ટેશનમા નોંધાઇ હતી. ત્યારે ડીવાયએસપી મિલન મોદી દ્વારા આરોપી જયંતિ અંબાલાલ પટેલની ધરપકડ કરાઇ હતી. જેમાં આરોપીની વધુ પૂછપરછ કરવા માટે 14 દિવસના રિમાન્ડની માગણી પોલીસ કરાઇ હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીના 2 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

રિમાન્ડના મુદ્દા

- બે આરોપી સિવાય અન્ય ડાયરેક્ટર ગુનામાં સંડોવાયેલા છે?
- પેટા કોન્ટ્રાક્ટના ભૌતિક અને ડિજિટલ દસ્તાવેજો કબજે કરવાના છે,
- સરકારી કામમાં ગેરરીતી આચરેલી હોવાની શક્યતા
- આરોપીઓએ પરિવારોને લાલચ આપીને પુરાવા સાથે ચેડા કરી શકે
- પૂર્વ મંજુરી વિના પેટા કોન્ટ્રાક્ટ આપી શકાય નહી તેમ છતા કોની સાથે મીલીભગત કરી આપ્યો
- જયંતિ પટેલ તથા સંજય ખુટના આર્થિક તથા નાણાકીય વ્યવહાર તથા બેન્ક ડિટેલ્સ બાબતે
- ખોટા પુરાવા રજૂ કરી મોટા કૌભાંડની આશંકા નકારી શકાય નહી
- વુડાના અધિકારી તથા કર્મચારોની સંડોવણી છે કે કેમ ?
- કોન્ટ્રાક્ટ મેળવવા માટે રજૂ કરેલા સર્ટિ અને પ્રમાણપત્રોની ખરાઇ કરવા

પિયરમાં આવીને સાસુને તમારી દીકરીને મોકલી દો નહિતર જાન થી મારી નાખીશ તેવી ધમકી આપતા પત્નીએ ફરિયાદ નોંધાવી

કોર્ટ મેરેજ કરનાર પત્નીની મુસ્લિમ પતિ દ્વારા માર ઝૂડ કરાતા પિયરમાં રહેવા જતી રહી

ફરિયાદના આધારે પોલીસે બનાવની હકીકત જાણવા તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

આજવા નિમેટા રોડ પર રહેતી યુવતીએ મુસ્લિમ યુવક સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. પતિએ પત્નીને ઢોર માર મારતો હોય પિયરમાં જતી રહી હતી. પરંતુ પતિ પિયરમાં આવીને સાસુને તમારી દીકરીને મોકલી દો નહિતર રસ્તામાં મળશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. જેથી યુવતીએ પોતાના પતિ વિરુદ્ધ જ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના આજવા નિમેટા રોડ પર આવેલી ઉડન દીપ સોસાયટીમાં રહેતી પાયલ ઉર્ફે સકીના સલમાન સલીમખાન પઠાણે ફરિયાદ નોંધાવી છે કે હું છેલ્લા દોઢ મહિના મારા માતા રાધાબેન જોગીંદર રાજપુત સાથે રહુ છુ અને ઘરકામ કરૂ છુ અને વર્ષ 2024 માં સલમાન સલીમ ખાન પઠાન (રહે. એકતાનગર પોલીસ ચોકીની સામે,એકતાનગર આજવા રોડ વડોદરા) સાથે કોર્ટ મેરેજ કર્યું હતુ. ત્યારબાદ અમે એકતાનગર ખાતે રહેતી હતી અને મારા પતિ ઓટોરીક્ષા ચલાવે છે. ગઈ 14 જાન્યુઆરી 2026ના રોજ સાંજના સાતેક વાગ્યે મે મારા પતિ સલમાનને ફોન કર્યો હતો. જેથી તેને મારા ફોન રીસીવ્ડ કરેલ નહી ત્યારબાદ રાત્રીના આઠેક વાગ્યાના અરશામાં મારા પતિ સલમાન ઘરે આવ્યો હતો. જેથી મે પૂછેલ કે, મારો ફોન કેમ રીસીવ્ડ કરતા નથી. જેથી સલમાને મને કહેલ કે, મારા માતા પણ મને કોઈ સવાલ કરતા નથી તુ કેમ મને સવાલ કરે છે તેમ કહી, મને ગમે તેમ ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા.

જેથી હુ મારા માતા રાધાબેન ના ઘરે જતી રહેલ હતી. ત્યારબાદ અવાર-નવાર મારા માતા રાધાબેનના ઘરે આવી મારા માતાને કહેલ કે, "તમારી છોકરીને મારા ઘરે મુકી દયો નહિતર ક્યાય રસ્તામાં મળશે ત્યાં હું તેને મારી નાખી તેવી ધમકી આપતો હોવાથી હું ગઈ 25 ફેબ્રુઆરીના રોજ સાંજના આઠેક વાગ્યે મારા ફુઈ દક્ષાબેન રમેશભાઈ મારવાડીના ઘરે રહેવા માટે ગયેલ હતી.

ત્યાં મારી તબિયત સારી ના હોવાથી દવાખાને જતી હતી તે વખતે મને રસ્તામાં મારા પતિ સલામાન આવી જતા મને કહેલ કે ઘરે આવી જા નહિતર મજા નહી આવે" તેવી ધમકી આપતો હતો. જેથી પોલીસે મહિલાના પતિ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

નવાપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલસીબી ઝોન 2 ની ટીમનો દરોડો

સ્થળ પરથી જુગાર રમતા 8 ખેલીને ઝડપી પાડ્યા

ખંડેરાવ માર્કેટ પાછળ ફુટના વધારમાં જુગાર ચાલતો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

નવાપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ખંડેરાવ માર્કેટ પાછળ ફુટના વખારમાં ચાલતા જુગાર પર એલસીબી જોન 2 ની રેડ કરી હતી જેમાં સ્થળ પરથી આઠ ખેલી ઝડપાઈ ગયા હતાં. પોલીસે રોકડા રૂપિયા અને નવ મોબાઈલ મળી 98,000 નો મુદ્દા માલ કબજે કર્યો છે.

એલસીબી ઝોન 2 ની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા ફરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે ખંડેરાવ માર્કેટની પાછળ કચરા પેટીની સામેની ગલીમા પીજીટી ફૂટ ની વખારમાં કેટલાક ઇસમો જુગાર રમે છે. જેનાં આધારે બાતમીવાળી જગ્યાએ રેડ કરવામાં આવી હતી. પોલીસે ને જોઈને જુગારીઓ મા દોડધામ મચી ગઈ હતી. ત્યારે સ્થળ પરથી 8 ખેલી પ્રજ્ઞેશ રમેશભાઈ ઠાકોર ,ધર્મેશ રવિભાઈ બારોટ,વિકાસ ચંદ્ર કાંત રાણા, પ્રિયાંક કનુભાઈ પટેલ, પ્રકાશ ગોવિંદભાઈ તિવારી, મયુર શાભુભાઈ વાઘેલા, ધર્મેશ ઉર્ફે આશીષ ગોપાલભાઈ કહાર અને નિશીત નીમેષભાઈ પટેલ ઝડપાઈ ગયા હતાં. જોકે પોલીસે જુગારીઓની અંગજડતી કરતા મળી આવેલ રૂપીયા રૂ. 28 હજાર તથા દાવ રૂ.24 હજાર મળી તથા 9 મોભાઈલ રૂપિયા 46 હજાર મળી રૂપિયા 98 હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

શું મ્યુનિસિપલ કમિશનર જાગશે ?

નવાપુરા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરમાં ગેરવહીવટનો ગંજ, કર્મચારીઓ પાયમાલ

ફોગિંગની દવા ખૂટી ને ડોક્ટરોની હાજરી ટૂંકી, નવાપુરામાં આરોગ્ય સેવાઓ વેન્ટિલેટર પર

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

એક તરફ કોર્પોરેશન સ્માર્ટ સિટીના દાવાઓ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલું અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર તંત્રની ઘોર બેદરકારીનું જીવતું જાગતું ઉદાહરણ બની રહ્યું છે. અહીં આવતા દર્દીઓ અને પાયાની સુવિધાઓ આપતા કર્મચારીઓની હાલત "દીવા તળે અંધારું" જેવી થઈ ગઈ છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે ત્યારે નવાપુરા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરમાં ફોગિંગ માટેની દવાની ભારે અછત જોવા મળી રહી છે. ફોગિંગ કામગીરી ખોરંભે પડતા સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપ્યો છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન દવા જ પૂરી પાડી શકતું ન હોય, તો રોગચાળાને નાથવાના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. કેન્દ્ર પર સમયસર ડોક્ટરો હાજર રહેતા નથી તેવી ફરિયાદો ઉઠી છે. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ વહેલી સવારથી લાઈનમાં ઉભા રહે છે, પરંતુ ડોક્ટરોના ઠેકાણા ન હોવાથી કલાકો સુધી રાહ જોવી પડે છે અથવા સારવાર લીધા વગર જ પરત ફરવું પડે છે. સ્વાસ્થ્ય જેવી ગંભીર સેવાઓમાં આવી લાલિયાવાડી કેટલે અંશે યોગ્ય છે? સૌથી ચોંકાવનારી બાબત એ છે કે અહીં કોન્ટ્રાક્ટ પદ્ધતિ પર કામ કરતા નાના કર્મચારીઓને છેલ્લા ત્રણ મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નથી. મોંઘવારીના જમાનામાં મધ્યમ અને શ્રમિક વર્ગના આ કર્મચારીઓનું ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. સેવાના નામે લેવાતી આ કામગીરીમાં કર્મચારીઓના આર્થિક શોષણ સામે અનેક સવાલો ઉભા થયા છે. બીજી ચોંકાવનારી વાત તો એ છે કે ફોગિંગની કામગીરી કરતા કર્મચારીઓને હાલમાં તો વરસાદી ડ્રેનેજ લાઇન ના ઢાંકણ ઉચકીને તેની નીચે પ્લાસ્ટિક ના કોથળા લગાવવાની કામગીરી સોંપવામાં આવી છે. શું વડોદરા મહાનગરપાલિકા આ મામલે સફાળી જાગશે ? શું કોન્ટ્રાક્ટરોની મનમાની પર લગામ કસાશે કે કેમ તે જોવુ રહ્યું.

એલસીબી ઝોન-1ની ટીમે ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદથી વડોદરાના બંનેને દબોચ્યાં

લક્ષ્મીપુરા, જેપી રોડ મકરપુરામાંથી પર્સ ચોરી કરનાર બે આરોપી ઝડપાયાં

બંનેએ ત્રણ ગુનાની કબૂલાત કરતા તેમની પાસેથી રૂ. 2.61 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરના લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સમનવ્ય વેસ્ટ રેસિડેન્સીથી દર્શનમ કિંગ રેસિડન્સી તરફ મહિલા મોપેડ પર જતા હતા ત્યારે બે બે શખ્સો બાઇક પર તેમનો પીછો કરી આવ્યાં હતા અને મહિલાની પાછળ બેઠેલા તેમની માતાના હાથમાંથી સોનાની બંગડી રોકડ રકમ અને મોબાઇલ સહીત રૂ.2.34 લાખની મતા ભરેલું પર્સ ઝુંટવી ભાગી ગયાં હતા. જેની ફરિયાદ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. દરમિયાન એલસીબી ઝોન 1ની ટીમ સીસીટીવ ફુટેજ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ કરી હતી ત્યારે આરોપીઓ વડોદરાના છે અને હાલમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતે ફરવા ગયા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી એલસીબીની ટીમ ગાઝિયાબાદ ખાતે પહોંચી ગઇ હતી ને પ્રતિક શ્યામ યાદવ (રહે. ઘનશ્યામનગર મકરપુરા રેપીની પાછળ વડોદરા) તથા શીવકુમાર રામમુરત બિન્દ (રહે. કલ્પનાનગર મકરપુરા બસડેપોની પાછળ વડોદરા) ને ઝડપી પાડ્યાં હતા.તેમની પૂછપરછ કરતા તેમણે ભેગા મળીને 13 ફેબ્રુઆરી મનિષા ચોકડી ઓલ્ડ પાદરા રોડ પરથી પસાર થતા એક્ટિવા સવારના ખભા પરથી રૂ. 1.40 લાખ રોકડા તથા બે મોબાઇલ સહિત રૂ.67 લાખની મતાભરેલુ પર્સ તથા 12 ફેબ્રુઆરીએ રૂપિયા 53 હજારની મતા ભરેલુ પર્સ ઉમા વિદ્યાલય પાછળથી ચોર્યું હોવાની કબૂલાત કરી છે. જેથી તેમની પાસેથી પાસેથી સોનાની બંગડી, મોબાઇલ અને બાઇક મળી રૂ. 2.61 લાખનો મુદ્દમાલ કબજે કરાયો છે.

વાયવા દરમિયાન વિદ્યાર્થીનીઓ સાથે સિનિયર પ્રધ્યાપક દ્વારા અશ્લિલ વર્તનનો આક્ષેપ

બરોડા મેડિકલ કોલેજની વિદ્યાર્થિનીઓને ન્યાય અપાવવા ABVP મેદાનમાં

ગુનો સાબિત થાય છે,તો કસૂરવાર સામે કાયદાકીય રીતે કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરાની બરોડા મેડિકલ કોલેજમાં ફાર્માકોલોજી વિભાગના સિનિયર પ્રોફેસર ડોક્ટર અમૂલ ભાવે સામે 13 થી વધુ વિદ્યાર્થીઓએ લેખિત ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપ લગાવ્યો છે કે, વાયવા દરમ્યાન પ્રોફેસરે વિદ્યાર્થીનીઓનો હાથ પકડી અહીં ક્રીમ લગાવો તો કેવું લાગે કહી પોતાના શરીર પર આંગળીઓ ઘસાવી હતી. આ ઉપરાંત એક વિદ્યાર્થીનીનો આખા વાયવા દરમિયાન હાથ પકડી રાખ્યા નો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે શનિવારે એમ.એસ.યુનિવર્સિટીના વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ દ્વારા બરોડા મેડિકલ કોલેજ ખાતે પહોંચી ડીનની ઓફિસ બહાર ધરણા પ્રદર્શન કરી વિરોધ દર્શાવ્યો હતો અને વિદ્યાર્થીઓને ન્યાય આપવા સહિત જો ગુનો સાબિત થાય છે, તો કસૂરવાર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની પણ માંગણી કરી હતી. એબીવીપીની કાર્યકર કૃપા ઠાકોરે જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલા એક વિદ્યાર્થીનીની છેડતી પ્રોફેસર દ્વારા કરવામાં આવી હતી અને એ નીંદનીય બાબત છે. આવી મોટી ઘટના કેમ્પસમાં ના થવી જોઈએ. એ થાય એનું કારણ શું હોઈ શકે. પૂરેપૂરી સિક્યુરિટી મળી નથી રહી અને અમારી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની એવી માંગ છે કે, નિષ્પક્ષ તપાસ કમિટી બેસાડવામાં આવે અને જો શિક્ષક કસૂરવાર સાબિત થાય છે.

એના પર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને જો આમ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં એબીબીપી ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરશે.

ન્યુઝિલેન્ડના વર્ક પરમિટ વિઝના બહાને નાણા ખંખેર્યા

ભરૂચના યુવક સાથે રૂ. 25 લાખની ઠગાઈ આચરી

સિંગાપુર ગયા બાદ વિઝા સહિતના ડોક્યુમેન્ટસ બોગસ હોવાનું માલૂમ પરત આવવુ પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ભરૂચ જિલ્લાના ઝાડેશ્વર પાસે આંગન એંકલેવમાં રહેતા હર્ષ નિલેશકુમાર પંડ્યા દહેજ ખાતે આવેલી બેન્જો કેમ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં પ્લાન્ટ ઓપરેટર છે. તેઓએ મોબાઇલમાં શિવાની જોષી વાઇટ સ્ક્વેર ઇન્ટરનેશનલ ન્યુઝિલેન્ડ વિઝાની જાહેર જોઇ હતી. જેથી શિવાની જોષીના મોબાઇલ નંબર સંપર્કર કર્યો હતો અને ન્યુઝિલેન્ડ જવા માટેની વાત કરી હતી. ત્યારે ત્યારે તેણે ન્યુઝિલેન્ડના વિઝા થઇ જશે અને તેના નિખીલ ઠક્કરની બર્ગરની દુકાન છે તેમાં કિચન હેન્ડ જોબ માટે માણસની જરૂર હોય ત્યાં જવુ હોય તો કરાવી આપે તેમ જણાવ્યું હતું. તેના રૂપિયા 30 લાખ ખર્ચ થશે. જેથી યુવકે પાડતા શિવાની જોષી નિખીલ ઠક્કરનો સંપર્ક કરી વાત કરાવી હતી. ત્યારે તેણે યુવકનું ઇન્ટરવ્યુ પણ લીધુ હતું. ત્યારબાદ વર્ક પરમિટ વિઝા માટે યુવકે રૂપિયા 25 લાખ ચૂકવી દીધા હતા. વિનીત શાહે નિખીલના વકીલ દ્વારા લીગલ ડોક્યુમેન્ટસ પણ મોકલ્યાં છે. ત્યારબાદ યુવકે ન્યુઝિલેન્ડ ખાતે શોપમાં જોબ માટે વિઝા મળી ગયા હોવાનું માનીની મુંબઇથી રવાના થયો હતો અને સિંગાપુર એરપોર્ટ પર હતો અને ઇમીગ્રેશન ચેક કરતા તેમને જાણવા મળ્યું હતું કે નિખીલ ઠક્કરે આપેલા વિઝા તથા જોબ માટેનો પત્ર બોગસ છે જેથી સિંગાપુરથી યુવકને પરત ફરવુ પડયું હતુ. જેથી પરત આવ્યાં બાદ બાકીના 21 લાખ નહી આપતા યુવકે શિવાની જોષી, નિખીલ ઠકકર તથા વિનીત શાહ તથા અંકિત રબારી વિરુદ્ધ ઠગાઇની ફરિયાદ નોધાવી છે.

કેમેસ્ટ્રી-બાયોલોજી અને ફિઝિક્સનો વિભાગ સરળ રહેતા વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો

વિજ્ઞાનના પેપરમાં પાઠ્યપુસ્તકમાંથી સીધે સીધા પ્રશ્નો પૂછાયા

ધો.10-12 બંને વિભાગના પેપરો મધ્યમ હોવાથી વિદ્યાર્થીઓએ સારો સ્કોર થવાની આશા વ્યક્ત કરી

(પ્રતિનિધિ)વડોદરા,તા.28

ગુજરાત બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે, શનિવારે ધોરણ 10નું વિજ્ઞાનનું પેપર સરળ રહ્યું હતું. વિધાર્થીઓને પણ પ્રશ્નો સહેલાં લાગ્યા હતા. એજ્યુકેશન એક્સપર્ટ નિરવ મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું હતું કે, આજનું પેપર એટલું સરળ હતું. જેમાં ટેક્સબુકમાંથી જ સીધેસીધા પ્રશ્નો પુછવામાં આવ્યા હોવાથી વિદ્યાર્થીઓને પણ સારી રીતે આવડે એવું હતું. કેમેસ્ટ્રી ભાગમાં પહેલો જ પ્રશ્ન ચેપટર 1 ની પહેલી જ ઈનટેક્સ પ્રશ્નો માંથી પહેલો પ્રશ્ન હતો અને સાથે સાથે એકટીવીટી માંથી પ્રશ્નો હતા. જ્યારે બાયોલોજી ભાગમાં બધા પ્રશ્ન સીધેસીધા જ પુછવામાં આવ્યા હતા અને આ પેપરમાં વિધાર્થીઓને ડાયેગ્રામ સાથે ના પ્રશ્નો વધારે પુછવામાં આવ્યા હતા એટલે જે વિધાર્થીઓએ ડાયેગ્રામની તૈયારી સારી રીતે કરી હશે તેને બાયોલોજી વિભાગમાં વધારે તકલીફ નહીં પડે. પરંતુ, જે વિદ્યાર્થીએ ડાયેગ્રામની તૈયારી કરી નથી, એમને આવાં પ્રશ્નોમાં તકલીફ પડી હતી તથા ફીઝીક્સ વિભાગ ખુબ જ સરળ હતું. જેમાં ઓહ્મ નાં નિયમ આધારિત દાખલો પુછવામાં આવ્યો હતો તથા બાકીના પ્રશ્નો સીધા ટેકસબુક આધારીત હતા. જેથી વિદ્યાર્થીઓને પણ આમાં કોઈ તકલીફ પડી નથી.

વાણિજ્ય વ્યવસ્થાના પેપરમાં નાણાંકીય બાબતના પ્રશ્નો વધારે પુછાયા

ધો.12 સામાન્ય પ્રવાહનું વાણિજ્ય વ્યવસ્થાનું પેપર પાઠ્યપુસ્તક આધારિત પેપર હતું અને સમય કરતા વહેલું પૂરું થાય એ પ્રમાણેનું પેપર હતું. વધારે ઘૂચવણ ભર્યા પ્રશ્નો પૂછવામાં આવ્યા ન હતા. જેથી કરીને વિદ્યાર્થીઓને આ પેપર લખવામાં ખૂબ મજા આવી હતી. નાણાકીય લક્ષી પ્રશ્નો વધારે પૂછવામાં આવ્યા હતા. એકંદરે આ પેપર પણ ખૂબ સરળ રહેતા વિદ્યાર્થીઓને ઘણો આનંદ થયો હતો. **રવિ વઢવાણા, એજ્યુકેશન એક્સપર્ટ**

ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં વધુ પ્રશ્નો પુછાતા વિદ્યાર્થીઓ માટે લખવું સરળ રહ્યું

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું આજે કેમેસ્ટ્રીનું પેપર હતું. જે ખાસ કરીને મોડરેટ રહ્યું હતું. જેમાં ઓર્ગેનિક કેમેસ્ટ્રીનો ભાગ વધારે પૂછવામાં આવ્યો હતો. ઈલેક્ટ્રો કેમેસ્ટ્રી અને કાઈનેટિક કેમેસ્ટ્રીમાંથી કેટલાક ન્યુમેરિકલ્સ પૂછવામાં આવ્યા હતા. એમસીક્યુની અંદર સમીકરણને પરિવર્તન અને કન્વર્ઝનના પ્રશ્નો વધારે પૂછવામાં આવ્યા હતા. એકંદરે આ પેપર સરળ રહ્યું હતું : **સૃષ્ટિ વઢવાણા, એજ્યુકેશન એક્સપર્ટ**

ભારતના 'ચિપ સ્વરાજ' તરફનું દ્રઢ પગલું છે

સાણંદથી ઉગતો ચિપ યુગ : ભારતની ટેક્નોલોજીકલ સ્વાવલંબન તરફ ઐતિહાસિક પગલું

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

દાયકાઓથી ભારત ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં આગળ વધી રહ્યું છે, પરંતુ સેમિકન્ડક્ટર જેવા વ્યૂહાત્મક ક્ષેત્રમાં આપણે મોટેભાગે આયાત પર નિર્ભર રહ્યા છીએ. સ્માર્ટફોનથી લઈને લેપટોપ, કારથી લઈને ડેટા સેન્ટર - દરેક ક્ષેત્રમાં વપરાતી DRAM, NAND અને SSD જેવી મેમરી ચિપ્સ લગભગ ૧૦૦% વિદેશમાંથી આવતી હતી. સાણંદમાં શરૂ થતું આ ATMP (Assembly, Test, Marking and Packaging) યુનિટ આ નિર્ભરતા ઘટાડવાની દિશામાં નિર્ણાયક સાબિત થશે. આ પ્લાન્ટ DRAM (રેમ), NAND ફ્લેશ અને SSD મેમરી મોડ્યુલ્સના એસેમ્બલી અને ટેસ્ટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. DRAM ઉપકરણોની ઝડપ નક્કી કરે છે, NAND ડેટાને પાવર વગર પણ સુરક્ષિત રાખે છે, જ્યારે SSD ઝડપી અને વિશ્વસનીય સ્ટોરેજ પૂરું પાડે છે. આજના ડિજિટલ યુગમાં આ ત્રણેય ટેક્નોલોજી 'ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર'ના આધારસ્તંભ છે.

ગુજરાત માટે આ પ્રોજેક્ટ આર્થિક દૃષ્ટિએ પણ ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. હજારો સીધી અને પરોક્ષ રોજગારીની તકો સર્જાશે. ખાસ કરીને ઇલેક્ટ્રોનિક્સ, મેકેનિકલ, કેમિકલ અને VLSI ક્ષેત્રના યુવાનો માટે નવા માર્ગ ખુલશે. સાથે સાથે કેમિકલ્સ, ગેસ સપ્લાય, લોજિસ્ટિક્સ અને મશીન મેન્ટેનન્સ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક MSMEs ને પણ મોટો પ્રોત્સાહન મળશે. સાણંદ હવે માત્ર ઓટોમોબાઇલ હબ નહીં, પરંતુ સેમિકન્ડક્ટર મેપ પરનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. આ પ્રોજેક્ટનું વૈશ્વિક મહત્વ પણ ઓછું નથી. વિશ્વભરમાં સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન રાજકીય અને આર્થિક પરિસ્થિતિઓને કારણે અસ્થીર બની છે. આવા સમયમાં ભારતમાં ઉભરતું ઉત્પાદન કેન્દ્ર વૈશ્વિક કંપનીઓ માટે વિશ્વસનીય વિકલ્પ બની શકે છે. 'મેડ-ઇન-ઇન્ડિયા' મેમરી મોડ્યુલ્સ હવે માત્ર દેશની જરૂરિયાત પૂરી નહીં કરે, પરંતુ નિકાસ દ્વારા વૈશ્વિક બજારમાં પણ સ્થાન બનાવશે. આર્થિક દૃષ્ટિએ જોવામાં આવે તો સ્થાનિક ઉત્પાદનથી આયાત ડ્યુટી, લોજિસ્ટિક્સ ખર્ચ અને કરન્સી ફ્લકચ્યુએશનનો ભાર ઘટશે. લાંબા ગાળે ઇલેક્ટ્રોનિક ઉપકરણોની કિંમતોમાં ૧૦ થી ૨૦ ટકા સુધી રાહત મળવાની સંભાવના છે. ગ્રાહકો માટે આ સીધો લાભ છે, જ્યારે દેશ માટે વિદેશી મુદ્રા બચત અને GDP વૃદ્ધિનો માર્ગ છે. સેમિકન્ડક્ટર માત્ર ઉદ્યોગ નથી - તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા સેન્ટર્સ અને ડિજિટલ અર્થતંત્રનો પાયો છે. AI મોડલ્સને ચલાવવા માટે જરૂરી પ્રોસેસિંગ પાવર અને હાઇ-સ્પીડ મેમરીનો આધાર સેમિકન્ડક્ટર ચિપ્સ પર જ છે. આવનારા સમયમાં જો ભારતને AI, રોબોટિક્સ અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગમાં વૈશ્વિક નેતૃત્વ મેળવવું હોય, તો ચિપ ઉત્પાદનની ક્ષમતા અનિવાર્ય છે. નિશ્ચિતપણે, સાણંદનો આ પ્લાન્ટ પૂર્ણ ફેબ્રિકેશન યુનિટ નથી, પરંતુ ATMP એકમ છે. તેમ છતાં, આ શરૂઆત છે -મયુર ભુસાવળકર

હવામા એક રાઉન્ડ ફાયર કરનાર નિવૃત આર્મી જવાન સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

માંજલપુર વિસ્તારમાં લાઇસન્સ વાળી બંદુકમાંથી હવામા ફાયરિંગ કરનાર નિવૃત આર્મી જવાન સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલા રામદેવનગરમાં રહેતા નિલેશ તુકારામ ઉત્તેકર (ઉં.વ.45) આર્મીમાંથી નિવૃત જીવન ગુજારે છે. દરમિયાન ગત 16 જાન્યુઆરીના રોજ નિલેશ ઉત્તેકરે માંજલપુર એસએસ નગર પાસેના ખુલ્લા ગ્રાઉન્ડમાં પોતાની લાઇસન્સવાળી બારબોર બંદુ તથા વેપન સર્વિસમાંથી હવામાં એક રાઉન્ડ બ્લેંક ફાયરિંગ કર્યું હતું. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. જેથી માંજલપુર પોલીસ દ્વારા ચકાસમી કરતા તેની પાસે બંદુકનુ લાઇસન્સ છે તેમ જાણવા મળ્યું છે. ત્યારે પોલીસ કમિશનરના જાહેરનામા ભંગનો ગુનો આ નિવૃત આર્મી જવાન વિરુદ્ધ દાખલ કરાયો છે.

બોર્ડ પરીક્ષાના શ્રીગણેશ બાદ VMCને જ્ઞાન લાધ્યું, કેન્દ્રો બહાર તંબુ તો તણાયા, પણ વાલીઓ માટે બેઠકો ગાયબ

વડોદરા શહેરમાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થયા બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની આયોજન વગરની કામગીરી ફરી એકવાર વિવાદમાં આવી છે. પરીક્ષાનો એક દિવસ વીતી ગયા બાદ બીજા દિવસે તંત્રને પરીક્ષા કેન્દ્રોની બહાર મંડપ બાંધવાની સૂઝ પડી છે. ગતરોજ સ્થાયી સમિતિમાં આ માટેની દરખાસ્ત ઉતાવળે મંજૂર કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ તંબુઓ માત્ર 'શો-પીસ' સાબિત થઈ રહ્યા છે કારણ કે ત્યાં વાલીઓને બેસવા માટે કોઈ ખુરશીની જ વ્યવસ્થા કરવામાં આવી નથી. માત્ર પડદા અને તંબુ લગાવીને લાખો રૂપિયાના બિલો પધરાવી દેવાની આ પેરવી છે. જો ખરેખર વાલીઓની સુવિધાની ચિંતા હોત તો પરીક્ષાના પહેલા દિવસથી જ તમામ વ્યવસ્થા હોવી જોઈતી હતી.